# મહેસાણા ખાતે ૩૧મા માર્ગ સલામતી સપ્તાહનો પ્રારંભ કરાયો

### ૧૭ જાન્યુઆરી સુધી કાર્યક્રમ યોજાશે




મહેસાણા, તા. ૧૧

સરકાર દ્વારા ૧૧ જાન્યુઆરીથી ૧૭ જાન્યુઆરી દરમિયાન ૩૧ મો માર્ગ સલામતી સપ્તાહ ઉજવણી કરવાનં આયોજન કરાયું છે.જે અંતર્ગત સંસદ સભ્યશ્રી શારદાબેન પટેલે ફ્લેગ ઓફ કરી માર્ગ સુરક્ષા સલામતી સપ્તાહ જાગૃતિ રેલીનો પ્રારંભ કરાયો હતો. આ રેલી દ્વારા રાધનપુર ચોકડી, ગોપીનાળા, તોરણવાળી માતા, ભમ્મરીયા નાળા, મોઢેરા ચોકડી થઈને દુધસાગર ડેરીની સામે શહેરના રાજમાર્ગો પર ફરી લોકોમાં જાગૃકતિ લાવવાનું કામ કર્યુ હતું. માર્ગ સુરક્ષા સલામતી સપ્તાહ દ્વારા વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

૧૧ જાન્યુઆરીથી ૧૭ જાન્યુઆરી સુધી વિવિધ રોડ સલામતી બાબતે લોકોને જાગૃત કરવામાં આવશે. મહેસાણા ખાતે આજે યોજાયેલ જાગૃતિ રેલીમાં ઈન્ડિય સાયકલ એસોશિયેશન,રિક્ષા એસોશિયેશન સહિત વિવિધ સંસ્થાઓએ ભાગ લીધો હતો.

આ જાગૃતિ રેલીમાં જિલ્લા કલેકટર એચ.કે. પટેલ, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક સહિત આર.ટી.ઓ અધિકારી કે.કે. ઉપાધ્યાય સહિત જિલ્લાના અધિકારીઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.



આજથી ૩૧ મો રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહનો પ્રારંભ થયો હતો સાત દિવસ ચાલનારા પ્રારંભે શનિવારે હિમતનગરમાં જીલ્લા પોલીસ વડાની કચેરીથી માર્ગ સલામતીની જાગૃતિના બેનરો સાથે રેલી યોજાઈ હતી જેમાં વાહન વ્યવહાર વિભાગ અને પોલીસ કર્મચારીઓ રેલીમાં જોડાયા હતા તો આ રેલીને લીલી ઝંડી આપી હેડ ક્વાર્ટસ નાયબ પોલીસ અધિક્ષક મીનાક્ષી પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું





## ડીસામાં દલિત દીકરીના સમર્થનમાં કેન્ડલ માર્ચ

મોડાસામાં અનુસૂચિત જાતિની દલિત દીકરી ઉપર દુષ્કર્મ કરી હત્યા કરવા મામલે સમગ્ર અનુસૂચિત જાતિના લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે તેથી ગુજરાતમાં ઠેર-ઠેર અનુસુચિત જાતિના લોકો દ્વારા સમાજની દિકરીના આત્માને શાંતિ આપવા તથા હત્યારાઓને ફાંસીની સજા આપવાની માંગ કરવામાં આવી રહી છે ત્યારે ડીસાના સાઈબાબા મંદિર ખાતે અનુસૂચિત જાતિ સમાજના લોકો ,આગેવાનો, અગ્રણીઓ અને કાર્યકર્તાઓ એકત્રિત થઈને હાથમાં મીણબત્તી લઈને દીકરીના હત્યારાઓને ફાંસી આપોની માંગ સાથે કેન્ડલ માર્ચ યોજી હતી અને સરકારને માંગ કરી હતી કે ગુજરાતમાં બનતી દુષ્કર્મની ઘટનાઓ સામે સજાગ બની અને આવા હત્યારાઓને જાહેરમાં ફાંસી આપવામાં આવે છે જેથી ગુજરાતમાં દુષ્કર્મની બનતી ઘટનાઓ અટકી શકે તેવી માંગ સાથે કેન્ડલ માર્ચ યોજી હતી.

# ડીસા સહિત ઉત્તર ગુજરાતમાં ફરી હળવા વરસાદની આગાહી

### મહિનામાં ત્રીજી વખત માવઠાની સંભાવના



ડીસા, તા. ૧૧

ડીસા સહિત જિલ્લામાં ઉત્તર ભારતની બરફ વર્ષાના પગલે મોડે મોડે ઠંડીનું જોર વધી રહ્યું છે પરંતુ અરબી સમુદ્રમાં સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બનસના કારણે જિલ્લામાં આવતીકાલ ૧૩ જાન્યુઆરીએ ફરી સૌરાષ્ટ્ર સહિત ઉત્તર ગુજરાતમાં હળવો અને છૂટો છવાયો વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. તિડના ત્રાસની કળ વળી નથી ત્યાં મહિનામાં ત્રીજી વાર કમોસમી વરસાદની આગાહીથી ખેડૂતોના જીવ ફરી એકવાર પડીકે બંધાયા છે.

ચાલુ વર્ષે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં સતત કમોસમી વરસાદના પગલે ખેતીના પાકોને વ્યાપક નુકસાન થયું છે ગત ૧૨ મી ડિસેમ્બરે ખાબકેલા કમોસમી વરસાદે ખેતી પાકોનો સોથ વાળી દીધો હતો. ત્યારબાદ કુદરતી એવા પાકિસ્તાન તરફથી આવેલા તીડ દ્વારા પણ ખેતીના ઉભા પાકોનો સફાયો બોલાવી દેવાયો છે તેમછતાં હજુ શિયાળાની ફૂલ સીઝનમાં પણ વરસાદ પડવાની શક્યતા જણાઈ રહી છે અરબી સમુદ્રમાં સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પગલે સર્જાયેલ લો પ્રેશરના કારણે ૧૩ મી જાન્યુઆરી ને સોમવારે જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે એક તરફ સતત કમોસમી વરસાદથી ખેડૂતો ધોવાઈ ગયા છે તેમછતાં ઉછીના પાછીના કરી મોંઘા બિયારણ અને ખાતર લાવી શીયાળુ વાવેતર કરી ચૂક્યા છે જે વાવેતર પાકવાના આરે છે ત્યાં ફરી એકવાર વરસાદની આગાહીના પગલે ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે અને જગતનો તાત ચિંતામાં ગરકાવ થઈ ગયો છે ડીસા પંથકમાં મોટા ભાગે બટાકાનું વાવેતર મોટા પ્રમાણમાં થયું છે છેલ્લા પાંચ વર્ષથી મંદીની માર સહન કરતા ખેડુતોને ખેતી માટે શ્રેષ્ઠ ગણાતી શિયાળુ સીઝનમાં આ વર્ષે સારા ઉત્પાદન સાથે ભાવની આશા છે પરંતુ આ વર્ષે માવઠા અને તીડના આક્રમણ બાદ વરસાદની આગાહીના પગલે સિઝન બગડવાની ભીતિ પણ સેવાઈ રહી છે.

# મોડાસાની સાયરા (અમરાપુર)ની 'નિર્ભયા'ના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં રાજકીય નેતાઓ ઉમટ્યા

### સાંસદ કિરીટ સોલંકીએ એસપીને સસ્પેન્ડ કરવાની કરી માંગ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે ઉત્તર ભારતના રાજ્યોની જેમ મહિલાઓની છેડતી, અપહરણ અને હત્યાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે મોડાસાના સાયરા(અમરાપુર) ગામની ૧૯ વર્ષીય યુવતીનું અપહરણ,દુષ્કર્મ અને હત્યાની ઘટના પછી સમગ્ર ગુજરાતમાં ઘટનાના ભારે પડઘા પડી રહ્યા છે




**મોડાસા શહેર કોંગ્રેસ સમિતિએ શ્રદ્ધાંજલિ અર્પી હતી**

મોડાસા શહેર કોંગ્રેસ સમિતિએ મોડાસા ટાઉનહોલ ખાતે સાયરા( અમરાપુર) ગામની "નિર્ભયા" ને શ્રદ્ધાંજલિ અર્પી હતી જેમાં શહેર પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયા, નગરપાલિકાના કોર્પોરેટરો અને કોંગ્રેસના કાર્યકરોએ અને મહિલા મોરચાએ શ્રદ્ધાંજલિ આપી હતી અને ન્યાયની માંગ કરી હતી

મોડાસા શહેર ચાર રસ્તા ટાઉનહોલ ખાતે સાયરા (અમરાપુર)ની "નિર્ભયા" ના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં સાંસદ કિરીટ સોલંકી સહીત ભાજપના અનુ.જાતિ સમાજના નેતાઓ ,અરવલ્લી જીલ્લા કોંગ્રેસના નેતાઓ, ધારાસભ્યો અને સર્વ સમાજના અગ્રણીઓ અને લોકો ઉપસ્થિત રહી "નિર્ભયા" ને શ્રદ્ધાંજલિ આપી આપી હતી.

અમદાવાદના સાંસદ ડૉ.કિરીટ સોલંકીએ મોડાસાના સાયરા(અમરાપુર) ગામની ૧૯ વર્ષીય યુવતીનું અપહરણ થયું ત્યારે તેના પરિવારજનો ફરિયાદ આપવા પોલીસસ્ટેશન ગયા ત્યારે ફરિયાદ લેવાના બદલે જાણવાજોગ ફરિયાદ લીધી હતી પોલીસતંત્રની ઢીલી નીતિ અને નિષ્ફળ કામગીરીના પગલે સમગ્ર ઘટનાનું નિર્માણ થયું હોવાથી જીલ્લાના એસપી ને સસ્પેન્ડ કરવામાં આવેની માંગ કરી હતી અને યુવતીનું અપહરણ કર્યા પછી દુષ્કર્મ કરી તેની હત્યા કરવામાં આવી હોવાની સાથે હત્યાને આત્મહત્યામાં ખપાવવાનું નાટક કરવામાં આવ્યું છે "નિર્ભયા" કાંડ સર્જનાર આરોપીઓને કડકમાં કડક સજા થાય ત્યારે જ સાચી શ્રદ્ધાંજલિ આપી હોવાની ગણાશે તેમ ભાર પૂર્વક કહ્યું હતું

# મોડાસાના સાહિયોગ ચોકડી પાસે પતંગની દોરીથી બાઈકસવાર ઈજાગ્રસ્ત

### ચાલુ બાઈકે દોરી યુવકના ગાળાના ભાગે ફસાતા ગંભીર ઇજા

મોડાસા, તા. ૧૧

ઉત્તરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે પતંગની દોરીઓ મોત સમાન બનીને ઉડી રહી છે. આકાશમાં ઉડતા પક્ષીઓ હોય કે દ્વિચક્રી વાહનચાલકો માટે ખતરારૂપ પતંગની દોરીઓ બની રહી છે. ત્યારે શુક્રવારના રોડ મોડાસા સહિયોગ ચોકડી પાસેથી એક બાઈક સવાર પસાર થઈ રહ્યો હતો. દરમિયાન તેના ગળામાં પતંગની દોરી આવી જવાથી ગંભીર રીતે ઘાયલ થયો હતો. પતંગની દોરી ગળામાં આવી જતાં તેના ગળાની નસ સુધી કાપો વાગી ગયો હતો. જેના પગલે બાઈક સવાર જમીન પર પછડાઈ ગયો હતો. બાઈક સવાર પડતાં આસપાસમાંથી મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને સ્થાનિકો દ્વારા ઈજાગ્રસ્તને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો જ્યાં તબીબે યુવકના ગાળાની નસ કપાતા સર્જરી કરી હતી. જાણવા મળ્યા મુજબ હાલ યુવકની પરિસ્થિતિ સારી છે પરંતુ ઉત્તારાયણમાં પતંગની દોરી ખતરારૂપ ન બને તે આપણા સૌની જવાબદારી છે.




હિંમતનગરમાં શનિવારથી વિશ્વાસ નેત્રમ પ્રોજેક્ટ તો જિલ્લામાં સાયબર શાશ્વતનો પ્રારંભ થયો. હતો.હિંમતનગરમાં ૨૩ જગ્યાએ ૧૨૦ સીસીટીવી સાથે પીટીઝેડ,એએમપીએન અને ફિક્સ સહિતના અગલ અલગ કેમેરાનો શરુ થયા છે જે સમગ્ર પ્રોજેક્ટમાં રૂ ૧૧ કરોડનો ખર્ચ થયો છે.૧ કલાક માં ૪૦૦૦ હજાર વાહનો નંબર પ્લેટ કેપ્ચર થશે તો ૩૪ ડિસ્પ્લે પર ૪૫ પોલીસ કર્મચારીઓ અને એક પીએસઆઈ સીસીટીવીનું નિરીક્ષણ કરશે.ઈ ચલણ રૂમ ૭ ડિસ્પ્લે પર કર્મચારીઓ ચલણની કામગીરી કરશે.

# પ્રાંતિજ પંથકમાં દેશી સહિત વિદેશી દારૂનું ધુમ વેચાણ

### ગોપીનાથ સોસાયટી ગેટ નંબર-બે આગળ જાહેરમાં વેચાતો દેશી દારૂ : સોસાયટીના રહિશો ની રજુઆતો છતાં જાહેરમાં દેશી દારૂનું ધુમ વેચાણ : પ્રાંતિજ પોલીસ ઉપર પણ ઉઠયા સવાલો



પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકા માં દેશી દારૂ નું ધુમ વેચાણ થઈ રહ્યું છે તો પ્રાંતિજ ગોપીનાથ સોસાયટી ગેટ નંબર-બે આગળ જાહેર માં દેશી દારૂ નું ધુમ વેચાણ તો સોસાયટી ના રહીશો દ્વારા અવર-નવર રજુઆતો કરવા છતાં પ્રાંતિજ પોલીસની છત્રછાયા.

પ્રાંતિજ સહિત તાલુકામાં દેશીતથા વિદેશી દારૂનું ધુમ વેચાણ થઈ રહ્યું છે અને પ્રાંતિજના માવાપુરા માતો દેશી દારૂની ભઠ્ઠી ઓ બિલાડી ના ટોપ ની જેમ જોવા મળે છે તો પ્રાંતિજ સલાલ, સોનાસણ, કાટવાડ, તાજપુર, દલપુર સહિત ના વિસ્તારો માં દેશી - દારૂનું ધુમ વેચાણ થઈ રહ્યું છે તો પ્રાંતિજ ખાતે પણ પ્રાંતિજ ના હાર્ડ સમાન ગોપીનાથ સોસાયટી ગેટ નંબર-બે આગળ ના ભાગેજ નગરપાલિકા નો નવીન બની રહેલ ટાઉન હોલ આગળ જ જાહેરમાં દેશી દારૂ નું ધુમ વેચાણ થઈ રહ્યું છે તો ગોપીનાથ સોસાયટી ના રહિશો દ્વારા અવર-નવર રજુઆતો કરવા છતા પ્રાંતિજ પોલીસ દ્વારા કોઈજ કાર્યવાહી કરવામાં આવી નથી તો હાલતો પ્રાંતિજ પોલીસ ની કામગીરી ને લઈને પ્રાંતિજ ગોપીનાથ સોસાયટી ના રહીશોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે તો બીજી બાજુ પ્રાંતિજ ખાતે આવેલ સવોદય કન્યા વિધાલય ને અડી ને જ દેશી દારૂ નું વેચાણ પણ જાહેર માં થઈ રહ્યું છે ત્યારે વિધાર્થીઓ ના ભાવી ઉપર પણ કેવી અસર પડે એ પણ સવાલો ઉઠવા પામ્યા છે ત્યારે હાલ તો પ્રાંતિજ સહિત તાલુકામાં દેશી-વિદેશી દારૂના વેચાણ ને લઈને પ્રાંતિજ પોલીસ ઉપર સવાલો ઉઠવા પામ્યા છે ત્યારે જોવું એ રહ્યું કે આ અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવશે કે કેમ એ તો હવે જોવું રહ્યું

### બાયડ શહેરમાં ચાલતા

# વિદેશી દારૂના ત્રણ અડ્ડાનું 'વિદેશી શરાબ યહાં મિલતી હૈ' નું તક્તિનું અનાવરણ જ બાકી કે શું...?

બાયડ, તા. ૧૧

બાયડ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે દારૂના ખપ્પરમાં યુવાધન બરબાદીના પંથે ધકેલાઈ રહ્યું છે બાયડ શહેરમાં ખુલ્લેઆમ પોલીસની આંખ નીચે વિદેશી દારૂનો વેપલો ચાલી રહ્યો છે વિદેશી દારૂની લતમાં અનેક લોકોએ જીવ ગુમાવતા કેટલાય પરિવારોના મોભી છીનવતા દારુણ પરિસ્થિતિમાં જીવવા મજબુર બન્યા છે બાયડ પોલીસ સ્ટેશનમાં મહિલા પી.આઈ. ગોહિલની નિમણુંક થતા શહેરની મહિલાઓ શહેરમાં ચાલતા દેશી-વિદેશી દારૂના



બાયડ શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી પોલીસતંત્રના છુપા આશીર્વાદ થી બુટલેગરો ફાટીને ધુમાડે ગયા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે બાયડના મુખ્ય બજાર ગાબટ રોડ ત્રણ રસ્તા પર નજીક એક ઘરમાં, ચોઈલા રોડ પર રેલવે ફાટક નજીક મકાનમાં અને ભુખેલ રોડ પર વિદેશી દારૂના અડ્ડા ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે વિદેશી દારૂના શોખીનોને દારૂના અડ્ડા ચલાવતા બુટલેગરો "બિયર બાર" જેટલી સુવિધા બિન્દાસ્ત ઉપલબ્ધ કરાવતા દારૂડિયાઓ બેફામ બન્યા છે બાયડ શહેરનું યુવાધન અને કેટલાક સગીરો

અડ્ડા બંધ કરાવી દારૂની બદી ને લીધે તેમના ઉજળતા સેંથીના સિંદૂરની ની રક્ષા કરેની માંગ પ્રબળ બની છે બાયડ પોલીસ સ્ટેશનના કેટલાક ભ્રષ્ટ કર્મચારીઓ શહેરમાં ચાલતા ત્રણ વિદેશી દારૂના અડ્ડા અંગે મહિલા પીઆઈ ગોહિલ થી દૂર રાખવામાં સફળ રહ્યા કે પછી મહિલા પી.આઈ આંખ આડે કાન કરે છે તેવી તરહ-તરહ ચર્ચાએ જોર પકડ્યું છે

પણ દારૂના રવાડે ચઢતા બરબાદીના પંથે ધકેલાઈ રહ્યા છે બાયડ શહેરમાં પોલીસતંત્રની આંખ નીચે ચાલતા ત્રણ વિદેશી દારૂના અડ્ડા અને દેશી-વિદેશી દારૂનો વેપલો મહિલા પી.આઈ ગોહિલ બંધ કરાવી દાદાગીરી કરવા માટે પંકાયેલા બુટલેગરોને કાયદાનું ભાન કરાવે તેવી માંગ શહેરના જાગૃત નાગિરિકોમાં ઉઠી છે

# આજે મહેસાણા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

### ૧૫ દેશોના પંચાવન આંતરરાષ્ટ્રીય પતંગ બાજો સહિત ૧૦૦ પતંગબાજોનો કરતબ માણવાનો અવસર

મહેસાણા, તા. ૧૧

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ રાજ્યના વિવિધ સ્થળોએ યોજવાના છે.જેમાં ૧૨ જાન્યુઆરીએ મહેસાણા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આંતર રાષ્ટ્રીય મહોત્સવ સવારે ૦૯-૦૦ કલાકથી યોજાવાનો છે. પ્રવાસન નિગમ દ્વારા દેશ વિદેશના વિવિધ પતંગ રસિકો સાથે પતંગોત્સવ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.૧૪ જાન્યુઆરી સુધી રાજ્યના વિવિધ સ્થળોએ પતંગ મહોત્સવ યોજાનાર છે.

૧૨ જાન્યુઆરીએ મહેસાણા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે ૦૯-૦૦ કલાકથી પતંગ મહોત્સવ યોજાનાર છે. મહેસાણા ખાતે સવારે ૦૯-૦૦ કલાકે યોજાનાર આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં જુદા જુદા ૧૫ જેટલા દેશોના ૫૫ પતંગબાજો અને ભારતનાં ગુજરાત સહિત જુદા જુદા વિવિધ રાજ્યોના ૪૫ પતંગબાજો સહિત કુલ ૧૦૦ જેટલા પતંગબાજો આ મહોત્સવમાં ભાગ લેશે. પતંગ મહોત્સવમાં કેનેડાના ૦૨, ફ્રાન્સના ૦૨, બેલ્જિયમના ૦૨, જર્મનીના ૦૫, ઈન્ડોનેશિયના ૦૬,ઈઝરાયેલના ૦૫, ઈટાલીના ૦૪,કેન્યાના ૦૪, કોરીયાના ૦૪, લેબનોનના ૦૨,લિથુનીયાના ૦૪, મલેશિયાના ૦૬, મેક્સિકોના ૦૪, પોલેન્ડના ૦૩, ઝીમ્બાબ્વેના ૦૨, સહિત દેશના વિવિધ રાજ્યો જેવા કે કેરાલાના ૨૨, મહારાષ્ટ્રના ૧૬, દિલ્લીના ૦૧, રાજસ્થાનના ૦૪ સહિત ગુજરાતના ૦૨ પતંગબાજો મહેસાણા પતંગ મહોત્સવમાં ઉપસ્થિત રહેનાર છે.

જેમાં દેશ વિદેશના પતંગબાજોના અવનવા પતંગો સાથેના કરતબો માણવાના અદભૂત અવસરનો લાભ મળનાર છે આ મહોત્સવ ૧૨ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સવારે ૦૯-૦૦ કલાકે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર છે.જેમાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ,સંસદ સભ્ય શ્રીમતી શારદાબેન પટેલ, સંસદ સભ્યશ્રી રાજયસભા જુગલજી ઠાકોર,ધારાસભ્ય સર્વેશ્રી ઋષિકેશભાઈ પટેલ,રમણભાઈ પટેલ,ડૉ.આશાબેન પટેલ, કરશનભાઈ સોલંકી,અજમલજી ઠાકોર,ભરતજી ઠાકોર ઉપસ્થિત રહેનાર છે.

# પુ. મોરારીબાપુની રામકથા 'માનસ ઉમાશંકર' માંથી વીણેલા મોતી...



ભિલોડા, તા.૧૧

આ કથા એટલે... કથા of the Bamana,for the Bamana & by the Bamana... યજમાન નિમિત્ત માત્ર છે. સરિતા, કવિતા અને ભારિતા આ ત્રણેય ઉમાશંકર માં છે. ઉમાશંકર એ સંસ્કૃતિ પુરુષ છે, સંસ્કાર પુરુષ છે. જે ને કાંઈ ખબર નથી પડતી -ભોળા છે એમને ભગવાને બનાવ્યા અને જેને બધીજ ખબર પડેછે એમ સમજે છે એ ભગવાન ને બનાવે છે) ઉમાશંકર જોષી ના વૃષભ અવતાર કાવ્ય નો સંદેશ એ છે કે ખોટા મેસેજો જે ફેરવે એને બળદ નો અવતાર લેવો પડે. રામ કથા ૯ દિવસ ની શા માટે.? કારણ કે તેમાં ૯ પ્રશ્ન પુછાયા છે અને ભાગવાન શંકર એક પ્રશ્ન નો જવાબ એક દિવસ માં આપે છે. સપ્તાહ ૭દિવસ ની હોય છે કારણ કે પરીક્ષિત રાજાનો ૭ દિવસે મોક્ષ થાય છે. વિશ્વામિત્ર પુરુષાર્થ વાદિ...વશીષ્ઠ પ્રારબ્ધ વાદિ....અને પુરુષાર્થ અને પ્રારબ્ધ ની વચ્ચે સેતુ એટલે રામ નુ નામ. મોટા માણસ ને નીચું દેખાડવા ના પ્રયત્ન ને અપરાધ કહેવાય. સારૂ કામ કરવા જશો તો નરસા માણસો ના વિરોધ નો સામનો કરવો પડશે. દાન, તપ અને યજ્ઞ બુદ્ધિશાળી ની બુદ્ધિ ને સતેજ કરવાનું કામ કરે છે. -)દુષ્ટ અને દુશીત વિચારો દુઃખ પેદા કરે છે. જો બહુ ક્રોધ આવતો હોય તો વિનોબાજી કહે છે તુરંત જવાબ ના આપવો, તુરંત પ્રતિભાવ ના આપવો. હાલતા ચાલતા જે બીજાની વેદના સમજે એ નુ નામ વેદ છે.દેહ ના જુઓ તેની અંદર બેઠેલા રામ ને જુઓ. દીકરી ની વિદાય અચલશ્રી ઓ ને રડાવે, મહર્ષિ ઓ ને રડાવે.દીકરી વિદાય એ વર્ણન નો પ્રસંગ નથી... સાસરે જતી દીકરી ને સૌથી વધુ ચિંતા તેના બાપ ની હોય છે. રામ ચરિત માનસ એટલે પરમ તત્વ, અમૃત પાન, લોઢા નુ પારસમણિ થવું, અંધ ને આંખો, મૂંગા ને મોઢે સરસ્વતી, શૂરવીર ને વિજય. તમારા ઘરે લગ્ન પછી વહુ આવે તો કહેજો મારા ઘરે દીકરી જન્મી છે. સસરા ના ખોળે જન્મેલી દીકરી. શાસ્ત્ર ની વાણી ગુરુ મુખી હોવી જોઈએ. જેની પાસે વિદ્યા નથી એ રોગી છે. બાલ કાંડ ની સમાપ્તિ સાથે આજ ની કથા અહીં પુરી થઈ.

# મહેતાપુરા સર્કલ પાસેથી ૬૦ હજારના દારૂ સાથે બે ઝડપાયા

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગર બી.ડીવીજન પોલીસ સ્ટેશનની હદમાં આવેલ મહેતાપુરા સર્કલ પાસેથી બુધવારે રાત્રે બી.ડીવીજન પોલીસે બાતમીને આધારે એક એસન્ટ કારમાં પાસ પરમીટ વિના લઈ જવાતા રૂ. ૬૧ હજારના દારૂના જથ્થા સાથે બે જણાની અટકાયત કરીને પોલીસે રૂ. ૧.૬૧ લાખનો મુદ્દામાલ કબજે લઈ પકડાયેલા બંને વિરૂદ્ધ ઘટતી કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે બી.ડીવીજન પોલીસના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ડી. સ્ટાફ તથા અન્ય પોલીસકર્મીઓ બુધવારે રાત્રે તેમની હદમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે એવી બાતમી મળી હતી કે ઈડર તરફથી એક એસન્ટ કારમાં કેટલાક શખ્સો પાસ પરમીટ વિનાનો વિદેશી દારૂનો જથ્થો લઈને હિંમતનગર તરફ આવી રહ્યા છે જે બાતમીને આધારે પોલીસે મહેતાપુરા સર્કલ નજીક વોચ ગોઠવી હતી.

દરમ્યાન ઈડર તરફથી આવી રહેલ એસન્ટ કાર નં. જીજે-૧૮-એબી-૫૫૭૦ની તલાસી લેતા કારમાંથી રૂ. ૬૦ હજારની કિંમતની ૬૦ બોટલો મળી આવી હતી. ત્યારબાદ પોલીસે કારમાં બેઠેલા હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ ફોરેસ્ટ કોલોનીની બાજુમાં રહેતા જયેન્દ્રસિંહ ઉર્ફે જીગો કમલસિંહ શેખાવત તથા હિંમતનગર તાલુકાના લીખી ગામે આવેલા રબારીવાસમાં રહેતા જયમાલભાઈ રબારીની પુછપરછ કરતા આ બંને જણાએ કોઈ સંતોષકારક જવાબ ન આપતા પોલીસે રૂ. ૧ લાખની એસન્ટ કાર, રૂ. ૧૫૦૦નો મોબાઈલ તથા ૬૦ હજારના દારૂ મળી અંદાજે રૂ. ૧.૬૧ લાખથી વધુનો મુદ્દામાલ કબજે લઈ પકડાયેલા બંને જણા વિરૂદ્ધ હિંમતનગર બી.ડીવીજન પોલીસ સ્ટેશમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## ડીસા હાઈવે ઉપર વિદેશી દારૂ ભરેલી બોલેરો પકડાઈ

ડીસા, તા. ૧૧

બનાસકાંઠા જિલ્લા એલ.સી.બી.પોલીસ ડીસા ટાઉનમાં પેટ્રોલીંગમાં હતી દરમ્યાન શહેર દક્ષિણ પો.સ્ટેશન વિસ્તારના ડીસા પાટણ હાઈવે રોડ ઉપર બોલેરો ગાડી (નંબર જી.જે.૦૮.એઈ.૬૭૮) પકડી પાડી હતી તલાસી લેતા તેમાં વગર પાસ પરમીટનો ગે.કા.નો ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો નંગ-૩૩૦ (કિ.રૂ.૦૧,૩૨,૦૦૦/) તથા એક મોબાઈલ (કિ.૫૦૦/-) તથા બોલેરો ગાડી (કિ.રૂ.૨,૦૦,૦૦૦)- એમ મળી કુલ રૂ. ૩,૩૨,૫૦૦/ ના મુદ્દામાલ સાથે ઈશ્વરસિંહ કાનસિંહ સાંકલા(રાવણા રાજપુત) રહે- અરણાઈ તા.સાંચોર જી.ઝાલોર (રાજસ્થાન ) તથા ગાડીનો ચાલક ભરત મેઘવાળ તથા બાજુની સીટ ઉપર બેસેલ મહેન્દ્ર મેઘવાળ તથા વિદેશી દારૂ ભરાવનાર મહીપાલસિંહ છેલસિંહ -રાજપુત (રહે- ઈન્દિરકોલોની સાંચોર તા.સાંચોર જી.જાલોર) વિરૂદ્ધ ડીસા દક્ષિણ પો.સ્ટે. પ્રોહિબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.